# બાયડના ગાબટ બેત્તાલીસ પરગણા વણકર સમાજ દ્વારા સમાજ સુધારણાના નિયમો અમલી કરાયા

વડાગામ, તા. ૨

તમાકુ વિશ્વદિન નિમિત્તે ગુજરાત સૌપ્રથમ વાર વણકર સમાજને ક્રાંતિકારી પગલુ ગુજરાત રાજ્યના ઈશાન ખુણામાં અરવલ્લી જિલ્લામાં બાયડ તાલુકાના ગાબટે બેત્તાલીશ પરગણા દ્વારા ગાબટ ગામના સહોયગથી (ગાબટ, ઉભરાણ, બાદરપુરા, રૂપનગર, સરસોલી, જીતપુર, ટુણાદર)ના વડીલો અને સમાજના આગેવાનો દ્વારા સમાજના પરંપરાગત ચાલી આવતા કુરિવાજો બંધ કરી સમાજના સુધારાની નવી હાંકલ કરી હતી.

સમાજના સુધારમાં મુખ્યત્વે જન્મ, લગ્ન અને મરણના પ્રસંગોને આવરી લેવામાં આવ્યા હતા. જેમાં બધાજ સામાજીક વહેવાર રોકડ રકમમાં તેમજ સમયનો વ્યય ઓછો થાય તે રીતે પ્રસંગો પૂર્ણ કરવા તેમજ મરણ પછી એક જ દિવસનું બેસણુ અને વર્ષોથી ચાલી આવતા મરણ પછીના બધાજ પ્રસંગો નાબુદ કરવાની હાંકલ કરી હતી. તેમજ વડીલોએ એક જ સુરે શિક્ષણ ઉપર ભાર આપીને બાબાસાહેબ આંબેડકરના રથને આગળ ધપાવવા માટે એક સૂત્ર આપ્યુ.

તમાકુ છોડી તલાટી બનો. મસાલા-માવા છોડી મામલતદાર બનો, બીડી સીગારેટ ત્યજી કલેક્ટર બનો. દારૂ છોડી પ્રાંત અધિકારી બનો. કુટુંબ પરિવારમાં કંકાશ ચાલતો હોય તો કંકાશ છોડી અધિકારી બનો સૂચના આપી હતી. સમાજ દ્વારા વણકર સમાજનો વિકાસના પગલા ભરવામાં આવતા રાષ્ટ્રીય હિત રક્ષક દળના સંયોજક હસમુખ સકસેનાએ સમાજના નિયમોની સરાહના કરી વ્યસન મુક્ત સમાજ સમૃદ્ધ સમાજ સુત્રને આ બેતાલીસ પરગણા વણકર સમાજ દ્વારા સાકાર કરતાં અભિનંદન પાઠવ્યા હતા ત્યારે ગુજરાત રાજ્યના મહિલા મુખ્યમંત્રી હોઈ તો સ્ત્રીઓએ પણ આ સુધારાને આવકાર આપ્યો હતો તેમજ સમાજમાં મહિલાઓની ભૂમિકા સમોવડી બનાવવા અને મહિલા શસક્તિકરણ માટે સમાજ દ્વારા લેવાયેલા પગલાને સમગ્ર અરવલ્લી જિલ્લામાં આવકાર મળ્યો હતો. આ પ્રસંગે સમાજના ૨૦૦થી વધારે વડીલો, ડોકટરો, એન્જીનીયરો, શિક્ષકો, સમાજ સેવકોએ હાજર રહી પ્રેરણાદાયી બન્યા હતા. રાષ્ટ્રિય હિત રક્ષક દળ દ્વારા સમાજ સુધારણાના નિયમોજ સરાહના કરવામાં આવી હતી.



## ખેડબ્રહ્માના રાધાકૃષ્ણ મંદિરમાં આમ્રઉત્સવ ઉજવાયો

ખેડબ્રહ્માના શ્રી ઠાકોર મંદિર ટ્રસ્ટ સંચાલિત રાધાકૃષ્ણ મંદિર જેઠ સુદ પૂનમને મંગળવારના રોજ આમ્ર ઉત્સવ મનોરથનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભગવાન રાધાકૃષ્ણને ૧૨૫ કિલો કેશર કેરીનો મનોરથ ધરાવવામાં આવ્યો હતો. જેનો મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ દર્શનનો ધર્મલાભ લીધો હતો. આ ઉત્સવને સફળ બનાવવા ટ્રસ્ટીઓ-ઉત્સવ સમિતિના સભ્યો - ગોપી મંડળની બહેનો અને પુંજારી જસવંતલાલ દેવશંકર પંડ્યાએ જહેમત ઉઠાવી હતી. (રમેશ વૈષ્ણવ)




(તસવીર : સમીર બલોચ, મોડાસા)

## મોડાસામાં ભૂતનું મંદિર આસ્થાનું કેન્દ્ર બન્યું

શ્રધ્ધાને કોઈ સીમાડા હોતા નથી. હજારો વર્ષોથી લોકો દેવીદેવતાઓના મંદિર બનાવી તેમની પૂજા અર્ચના કરે છે ત્યારે ભૂતનું મંદિર બનાવી તેની આસ્થા માટે પૂજા અર્ચના કરાતી હોય તેવું મંદિર ભાગ્યે જ જોવા મળે છે. આવું જ એક મંદિર અરવલ્લી જિલ્લાના મોડાસા પંથક નજીક આવેલું છે.જે મંદિરનું નામ બાબરા ભૂતમંદિર છે અને સમગ્ર પંથકમાં આસ્થાનું કેન્દ્ર બની ગયું છે.

મોડાસા તાલુકાના લીંભોઈ ગામની સીમમાં સીમળાના ઝાડ નીચે બાબરાપીરનું મંદર આવેલું છે. વર્ષોની માન્યતા મુજબ આ ઝાડમાં એક વ્યકિત ભૂત બનીને આસપાસના તમામ વિસ્તારની રખેવાળી કરે છે. લીંભોઈ ગામના ખેતરમાં જે પાક તૈયાર થાય તેને સૌ પ્રથમ બાબરા ભૂતના મંદિરે પ્રસાદ રૂપે ધરાવી પછી જ ઘરે લઈ જાય છે. જો કોઈ ખેડૂત પાકને મંદિરમાં ધરાવ્યા વગર ઘરે લઈ જવાની કોશિશ પણ કરે તો આ પાક ઘરે પહોંચતો જ ન હોવાની માન્યતા પ્રવર્તી રહી છે. બાબરો ભૂત આ સમગ્ર લીંભોઈ તેમજ આસપાસના ગ્રામજનોના ખેતરનું રક્ષણ પણ કરતો હોવાની માન્યતા જોવા મળી છે. અહીં લોકો આવી શ્રધ્ધાપૂર્વક માનતા માને તો તેમનું કામ અચૂક થાય છે જેના અનેક દાખલા આ વિસ્તારમાં જોવા મળ્યા છે.

# પ્રાંતિજ નજીક એક જ અઠવાડિયામાં બે હત્યા

## એક જ દિવસે થયેલ બે હત્યાનો ભેદ ઉકેલવામાં પોલિસ નિષ્ક્રિય

પ્રાંતિજ, તા.૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના પોગલુ ગામના નેશનલ હાઈવે આઠ બાજુમાં આવેલ એક ખતેરના કુવામાંથી ચાર દિવસથી કુવામાં નાંખી દીધેલ એક ૨૮ વર્ષના યુવાનની કહોવાયેલી અને દુર્ગંધ મારતી હાલતમાં પડેલ મૃતદેહ મળતાં પ્રાંતિજ પોલિસે નગરપાલિકા ફાયરબ્રિગેડના યુવાનો તથા હિંમતનગર ડિઝાસ્ટર મેનેજમેન્ટની મદદથી મૃતદેહ કુવામાંથી બહાર કાઢી તેની ઓળખવિધિ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ભિલોડા તાલુકાના પલ્લા ગામના પ્રવીણભાઈ પંચાલની હત્યા કરાયેલ મૃતદેહ પિલુદરા કેનાલમાંથી મળી હતી અને પોલીસ તેની તપાસ ચલાવી રહી છે ત્યાં જ હત્યાના બનાવથી માત્ર એક કિમી દુર પોગલુના ખેતરના કૂવામાંથી પ્રવીણભાઈ પંચાલ સાથે આવેલ લાપતા દિનેશ નાનાભાઈ મકવાણા જે તે દિવસથી જ ગુમ હતો અને તેનો મોબાઈલ ફોન પણ સ્વીચ ઓફ આવતો હતો અને મકવાણાના પરિવારજનો પણ શોખધોળ કરી રહ્યા હતા.

ત્યાં જ તા. ૧-૬-૨૦૧૫ના રોજ પોગલુ નેશનલ હાઈવે આઠ પાસે આવેલ એક કૂવામાંથી ખુબ જ દુર્ગંધ મારતા લોકોએ તપાસ કરતા પોલીસને જાણકારી આપી હતી જયારે પ્રાંતિજ પી.આઈ. ભરતભાઈ પટેલ અને તેમની પોલીસ ટીમ સાથે નગરપાલિકા ફાયર તથા હિંમતનગર મેનેજમેન્ટની મદદથી મૃતદેહ બહાર કાઢયો હતો. શરીરનો ભાગ કોહવાયેલી હાલતમાં હતો જયારે તેના ખિસ્સામાંથી પાકિટમાં ફોટાના આધારે મૃતકની ઓળખ થઈ હતી.

ત્યારે પાલ્લા ગામના જ બંને મિત્રોની એક સાથે કરેલ કરપીણ હત્યા અને એક કિમી અંતરે મૃતદેહને સગેવગે કરનારા ઈસમોની ટીમને ઝડપી પાડવા પોલીસે કવાયત હાથ ધરી છે.

ત્યારે હત્યા કેમ થઈ હશે? ના વેધક પ્રશ્નો સાથે મોટી રકમની લેવડ દેવડ હોય કે પછી લાલચ બતાવી મોટી રકમ કે અન્ય કોઈ બનાવમાં બંનેનું ઢીમ ઢાળી દીધું હોય તેવી શંકા કુશંકાઓ લોકો કરી રહ્યા છે. પ્રાંતિજ અને સાબરકાંઠામાં બનતા આવા બનાવો શરમજનક ઘટના છે ત્યારે અસામાજિક તત્વો ફાઈનાન્સરોની લેવડ દેવડ ધાક ધમકીઓ ઉપર લગામ લાવવાની જરુર છે.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# વિશ્વ પર્યાવરણ દિવસે સે-૨૩ નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે વિવિધ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨

વિશ્વ પર્યાવરણ દિવસે નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે. પર્યાવરણ જાગૃતિ અંગેના વિવિધ કાર્યક્રમો દ્વારા પર્યાવરણ બચાવવાના સંદેશ આપવામાં આવશે. વિકાસની આંધળી દોટમાં માનવી પર્યાવરણને ભુલ્યો છે. ત્યારે ભુલેલા માનવીને પાછો લાવવા કાર્યક્રમ યોજાશે.

પમી જૂનને વિશ્વ પર્યાવરણ દિવસ તરીકે મનાવવામાં આવશે. સેકટર-૨૩ નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા 'સેવન બિલીઓન ડ્રીમ્સ વન પ્લાનેટ, કન્સ્યુમ વીથ કેર' વિષય પર કાર્યક્રમ યોજવામાં આવશે. સેન્ટર ખાતે પ જૂનના રોજ સવારે ૮.૩૦થી ૧૦.૩૦ કલાક દરમિયાન પ્રશ્નોત્તરી કાર્યક્રમ યોજાશે.

ત્યારબાદ પર્યાવરણ પર ચર્ચા, વકતવ્ય અને વિવિધ સ્પર્ધાઓ યોજાશે ત્યારે આ કાર્યક્રમમાં ધોરણ પ થી ૧૦ના કોઈ પણ શાળાના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવશે. કાર્યક્રમમાં જોડાવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ નિસર્ગ સાયન્સ સેન્ટરના કો-ઓર્ડિનેટર હાર્દિક મકવાણા અને શિવાંગ પટેલનો સંપર્ક કરવા જણાવ્યું છે.

ઋતુઓમાં દિવસે દિવસે ફેરફારો જોવા મળે છે. ઉનાળામાં પણ વરસાદ પડવા સહિતના ફેરફારો થઈ રહ્યા છે. પર્યાવરણના પ્રદુષણને કારણે કલાયમેન્ટ ચેન્જ, ગ્લોબલ વોર્મિંગની સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. પૃથ્વી પર વસવાટ કરતા સજીવોનું જીવન જોખમી બન્યું છે ત્યારે પર્યાવરણ બચાવવા કાર્યક્રમો યોજવામાં આવશે.

# રણાસણ ખાતે ગુડાના ચેરમેનનો સત્કાર સમારંભ યોજાયો

પ્રાંતિજ, તા. ૨

મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના રણાસણ ગામે તપોધન બ્રહ્મ સમાજ તથા રણાસણ ગામ દ્વારા આયોજિત શ્રી રામેશ્વર મહાદેવ મંદિરનો પાટોત્સવ નિમિત્તે ભજન સંધ્યા કાર્યક્રમ તથા આશિષ ભાઈ દવેનો સત્કાર સમારંભ કાર્યક્રમ યોજાયો હતો.

વિજાપુર તાલુકાના રણાસણ મુકામે સોમવારના રોજ સાંજે ગાંધીનગર ખાતે ગુડાના ચેરમેન પદે નિમણુંક થયેલ આશિષભાઈ દવેનો રાવલ સમાજ દ્વારા તથા રણાસણ તપોધન બ્રહ્મસમાજ દ્વારા સત્કાર સમારોહ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે સામાજિક કાર્યકર સોમાભાઈ મોદી, ૨૨ ગામ તપોધન બ્રાહ્મણ સમાજના પ્રમુખ કનુભાઈ રાવલ, મંત્રી મહેશભાઈ રાવલ, ગુણંવતભાઈ રાવલ, કનકસિંહ, સુનિલભાઈ, કિરીટભાઈ, નારણભાઈ, નર્મદભાઈ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં. જેમાં ગાંધીનગર ખાતે આશિષભાઈ દવેની ચેરમેન પદે વરણી તથા અખિલ બ્રહ્મ સમાજના પ્રમુખ તરીકે વરણી થતાં સમાજ દ્વારા તેમનું ફુલહાર તથા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

જયારે આ પ્રસંગે કાર્યક્રમના મુખ્ય પ્રમુખ સોમાભાઈ મોદીએ પણ તેમના નાનાભાઈ નરેન્દ્રભાઈ મોદી તથા દેશના વડાપ્રધાનની સફાઈ અભિયાન સાથે જોડાવવા લોકોને અપીલ કરી હતી અને સફાઈ વિશે બધાને માર્ગદર્શન આપી પોતે જ પોતાનો કચરો ઉઠાવવા શાળાનું ઉદાહરણ આપી સમજ આપી હતી.

જયારે આશિષભાઈ દવેએ પણ સમાજનો દિકરો છું સમાજ મને અહીં સુધી લઈ ગયો છે તેમ જણાવી સમાજનો આભાર માન્યો હતો.

જયારે શ્રી રામેશ્વર મંદિરના પાટોત્સવ નિમિત્તે રાત્રીના ભજન સંધ્યા કાર્યક્રમ પણ યોજાયો હતો અને રણાસણ રાવલ સમાજ તથા રણાસણ ગ્રામજનો વિવિધ સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા જયારે સમગ્ર કાર્યક્રમનું યુવા મંડળ દ્વારા સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

## શબ્દાવલી - ૫૭૪૯

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ■ | ૪ | ૫ | ૬ | |
| ૭ | | | ■ | ૮ | | | ■ |
| ૯ | | ■ | ૧૦ | | ■ | ■ | ૧૧ |
| | ■ | ૧૨ | | | ■ | ૧૩ | |
| ■ | ૧૪ | ■ | | ■ | ૧૫ | | |
| ■ | ૧૬ | ૧૭ | | ■ | | ■ | |
| ૧૮ | | | ■ | ૧૯ | | ૨૦ | |
| ૨૧ | | ■ | ૨૨ | | ■ | | ■ |

### આડી ચાવી

૧. સારીપેઠે, સારી રીતે (૩)
૪. પૈસા, રૂપિયા (૪)
૭. સાઇકલને લોકપ્રિય બનાવનાર ગામ (૩)
૮. ખાંભી, સ્મારક (૩)
૯. દક્ષિણા, સખાવત (૨)
૧૦. સ્ત્રીઓનો ટૂંકી બાંયનો કબજો (૨)
૧૨. અપવિત્ર, બૂરું (૩)
૧૩. ફરિયાદ (૨)
૧૫. ધાતુના પતરાની છીછરી થાળી (૩)
૧૬. રામભક્ત ગીધ (૩)
૧૮. કફન, મડદા પરનું વસ્ત્ર (૩)
૧૯. બંગડી બનાવનાર કોમનો માણસ (૪)
૨૧. ચીંથરા, જૂના કપડાના ટૂકડા (૨)
૨૦. વખત, પાળી (૨)

### ઊભી ચાવી

૧. સુબો, રાય (૪)
૨. નોકરી બદલ નિવૃત્તિ થયે મળતો બેઠો પગાર (૩)
૩. રાત્રી, નિશા ઉઠ જાગ મુસાફિર ભોરભઇ અબ... કહા તું સોવત હૈ (૨)
૪. અઘોરી, શિવભક્ત (૪)
૫. અને, તથા (૨)
૬. થમ્સઅપની મુદ્રામાં અંગૂઠો (૨)
૧૦. ચાર પાનાનું છાપુ (૪)
૧૧. આવક ઉપર લેવાતો કર (૫)
૧૩. દોરડું, લગામ (૨)
૧૪. મા ખોડિયારનું ધામ (૪)
૧૫. સુકા લાકડા સળગાવી પ્રગટાવાતો અગ્નિ, ગરમી માટે (૩)
૧૭. લાગ, તક, વખત (૨)
૧૮. ભર્યુ ના હોય તેવું (૨)
૧૯. મોત, હેરાનગતિ (૨)
૨૦. દોસ્ત, મિત્ર (૨)

### શબ્દાવલી ૫૭૪૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) સરગવો (૫) કતેડુ (૭) રસદાર (૮) સરકલી (૯) રીઅલી (૧૧) વલવલાટ (૧૩) જંકશન (૧૬) ગણપતિ (૧૭) ધગશ (૨૦) પરાયણ

**ઊભી ચાવી :-** (૧) સરભરા (૨) રસ (૩) ગદાધારી (૪) વોર (૫) કડપ (૬) ડુપલીકેટ (૮) સલીલ (૧૦) અવનતિ (૧૨) વસુંધરા (૧૩) જંગલી (૧૪) કણ (૧૫) શપથ (૧૮) ગય (૧૯) શણ

**પ્રવેશોત્સવ...** ● અનુસંધાન પહેલાનું ચાલુ

શાળા સંચાલન-નિરીક્ષણ સમિતી અને વાલી ગણ સાથે બેઠક યોજી શાળાના-ગામના પ્રશ્નો રજુઆતો સાંભળે અને તેના સુચારૂ નિરાકરણ માટે સંબંધિત વિભાગ સાથે પરમર્શમાં રહે તેવો અનુરોધ પણ મુખ્યમંત્રીએ કર્યો હતો. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે શાળા પ્રવેશોત્સવ-૨૦૧૫માં શાળાઓની સાફ-સફાઈ પૂર્વે અધિકારી-પદાધિકારી પોતાને જે ગામમાં જવાનું છે ત્યાં ગ્રામ સફાઈના જનસહયોગ અભિયાન ઉપાડી લે તે સાથે જ બાળ તંદુરસ્તી, આંગણવાડીના બાળકોની કુપોષણમુક્તિ અને સ્વચ્છ પીવાન પાણીની, શૌચાલય સંકુલની ઉપલબ્ધી વગેરે સર્વગ્રાહી બાબતો પણ આ પ્રવેશોત્સવ દરમ્યાન આવરી લઈ પ્રવેશોત્સવ પૂર્ણ થયા બાદ તે કામગીરીનું મોનિટરીંગ અને ફોલોઅપ કરે તે આવશ્યક છે. મુખ્યમંત્રી લેખન-વાંચન જેવી પાયાની જરૂરિયાત પ્રારંભિક જ્ઞાનથી ધો-૧ અને ૨ થી વેગવાન બનાવીને વિશેષ કાળજી લેવાની પ્રરેણા આપતા કહ્યું કે,આ સરકારથી નબળા ગુણાંકનવાળી શાળાઓનું પરિણામ અને શિક્ષણ સ્તર ઊંચુ લાવી શકીશું. તેમણે શાળા પ્રવેશોત્સવ અને ગુણોત્સવ જેવા શિક્ષણલક્ષી અભિયાનોની સફળતાને પગલે રાજયની શાળાઓમાં આગામી વર્ષેસંગીત સ્પર્ધા તથા કોમ્પ્યુટર સાક્ષરતા માટેના બહુવિધ આયોજન હાથ ધરવાની નેમ પણ દર્શાવી હતી. શાળા પ્રવેશોત્સવમાં આ શિક્ષણ સેવા યજ્ઞમાં કોલેજોના એન.સી.સી., એન.એસ.એસ. છાત્રો તથા સ્ટુડન્ટ પોલીસ કેડેટ એસ.પી.સી બાળકોનો સહયોગ નવી પ્રરેણા આપનારો બનશે તેમ પણ તેમણે આ વિદ્યાર્થીઓની સહભાગીતા પ્રેરિત કરતા જણાવ્યું હતું. મુખ્યમંત્રીએ વિશ્વ યોગ દિવસ, બાળ કવિ અને બાળ ચિત્રકાર સંમેલન ખેલમહાકુંભના પ્રતિભાવંત ખેલાડી-બાળકોને વિશેષ તાલીમ માટેના સમર કેમ્પ વગેરે દ્વારા બાળકોની શક્તિ વિકસવવાના અભિગમની સફળતાની વિશદ ભુમિકા આપી હતી.

**ગ્રાન્ટમાં વધારો...** ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવાનો નિર્ણય પણ સર્વાનુમતે કરવામાં આવ્યો હતો.

નોન-પ્લાન રસ્તાઓની દુરસ્તી માટેની જોગવાઈમાં પણ રૂ. ૩૫ લાખનો વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આમ રૂ. ત્રણ લાખથી લઈ રૂ. ૩૫ લાખના વધારાના ખર્ચની જોગવાઈ હવે પૂરક બજેટમાં થશે. સભ્યોએ આજે એકદમ આ બધા નિર્ણયો સર્વાનુમતે લીધા હતા.

સભ્યોએ બજેટ બેઠક માટે આ મુદ્દે કોઈ ચિંતા રાખી ન હતી. જયારે આજે તેમને એકાએક વિકાસ અને ખર્ચની જોગવાઈઓ અપુરતી જણાઈ હતી. મહત્વની બાબત એ રહી કે સભ્યોએ ચર્ચા વિના બધા જ મુદ્દા મંજૂર કર્યા હતા. માત્ર પીવાના પાણીની આકસ્મિક યોજનામાં કોંગીના શ્રી અજીતસિંહ રાઠોડ (અલુવાએ) ૮૦ ટકા વસુલાતનો આગ્રહ રાખવા જણાવ્યું હતું.

**તંત્રની નિષ્ક્રિયતા...** ● અનુસંધાન પહેલાનું ચાલુ

ટકાવારીથી કામ ચાલતુ હોવાના આક્ષેપો પણ સભ્યોએ કર્યા હતા.

ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં પ્રશ્નોત્તરી બાદ બધા જ એજન્ડા પરના મુદ્દા માત્ર અર્ધાથી પોણા કલાકમાં જ પસાર થઈ ગયા હતા.

જમીન મહેસુલમાં રૂ.૧નો વધારો કરવાનો નિર્ણય સર્વાનુમતે લેવાયો હતો. આ ઉપરાંત જિલ્લા પંચાયતમાં દરેક મજલે વાયરીંગ બદલવા તેમજ ઈલેકટ્રીક બોકસ ફિકસ કરવાનો નિર્ણય, હિસાબી શાખામાં રેકર્ડરૂપ માટે તિજોરી ખરીદવાનો તેમજ પાર્ટીશન બનાવવા સહિતનો નિર્ણય પણ સર્વાનુમતે કરવામાં આવ્યા હતા.

## બનાસ ડેરીનું ૨૦૧૪-૧૫નું વાર્ષિક ટર્ન ઓવર રૂ. ૫૪૪૨ કરોડે પહોંચ્યું

પશુપાલકોની આવડત અને મહેનતને લીધે બનાસકાંઠાની પ્રસિદ્ધ બનાસ ડેરીએ દૂધ સંપાદન કરવાના અને વાર્ષિક ટર્ન ઓવરના આંકડાઓ ગત વર્ષની સરખામણીએ વટાવીને અવિરત વિકાસકૂચનો પ્રતિભાવ આપ્યો છે. ઉલ્લેખનીય છે કે તા. ૬-૨-૨૦૧૫ના રોજ એક જ દિવસમાં બનાસ ડેરીમાં દૂધની આવક રેકોર્ડ બ્રેક ૪૧.૭૧ લાખ લીટર થઈ હતી. અને બનાસ ડેરીએ દૂધ મેળવવામાં સમગ્ર એશિયા ખંડમાં નંબર વનનું ટાઈટલ જાળવી રાખ્યું છે. વર્ષ-૨૦૧૩માં બનાસડેરીનું વાર્ષિક ટર્ન ઓવર રૂ. ૪૬૮૬ કરોડનું હતુ. જયારે વર્ષ-૨૦૧૪-૧૫માં વાર્ષિક ટન ઓવર રૂ. ૫૪૪૨ કરોડના આંકને વટાવતા ૧૬.૧૩ ટકાની પ્રગતિ નોંધાઈ છે.

# ગાંધીનગર જિલ્લાની તમામ પ્રકારની હાઉસીંગ સહકારી મંડળીઓ જોગ

ગાંધીનગર, તા. ૨

ગુજરાત સહકારી મંડળી(સુધારા) વિધેયક ૨૦૧૫ અંતર્ગત ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ ૩૩(૩) મુજબ દરેક સહકારી મંડળીઓ આ અધિનિયમની કલમ ૩૩(૧)(૨)માં જોગવાઈ કર્યા પ્રમાણેના (મંડળી સભાસદોને માંગણી થતા માંગેલ માહિતી પુરી પાડવી) કાર્ય પુરા કરવા દરેક સહકારી મંડળીએ પોતાના યોગ્ય લાગે તેવા કોઈ અધિકારી/અધિકારીઓને અધિકૃત કરવા અને તેઓએ સભ્યોની માહિતી પુરી પાડવાની જોગવાઈ કરવામાં આવે છે, તેવું મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ) સહકારી મંડળીઓ (રૂરલ), અમદાવાદે જણાવ્યું છે. આ અધિનિયમની કલમ-૪૧ (ક) મુજબની માહિતી (મંડળીનાં વાર્ષિક હિસાબો, પેટા-નિયમ સુધારા તથા સામાન્ય સભાના એજન્ડા મંડળી વિષયક જિલ્લા રજિસ્ટ્રાર માંગે તે માહિતી) મ. જિલ્લા રજિસ્ટ્રારની કચેરીમાં સમય મર્યાદામાં રજુ કરવા માટે પણ અધિકૃત અધિકારીને અધિકૃત કરવાની જોગવાઈ કરવામાં આવી છે.

અધિકૃત કરેલ મંડળીનો અધિકારી આ અધિનિયમની કલમ-૩૩ (૧) (૨) અને ૪૪૧ (ક)માં જોગવાઈ કરેલ કામો કરવાનું ચુકશે તો આ અધિનિયમની કલમ-૧૪૭ મુજબ ગુન્હો બનવા બાબત તથા તેના ભંગ બદલ આ અધિનિયમની કલમ-૧૪૮ અન્વયે રૂપિયા પ હજાર સુધીનાં દંડની જોગવાઈ પણ સુધારા અધિનિયમમાં કરવામાં આવેલ છે. તો ગાંધીનગર જિલ્લાની તમામ પ્રકારની હાઉસીંગ સહકારી મંડળીઓએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૩૩ અને કલમ-૪૧ની જોગવાઈ મુજબના કાર્યો કરવા માટે મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૩૩ અને કલમ-૪૧ની જોગવાઈ મુજબના કાર્યો કરવા માટે મંડળીનાં અધિકારીને અધિકૃતકરી આ અંગેની ઠરાવની નકલ મંડળીના હાલના સરનામા, પ્રમુખ/મંત્રીના નામ, મોબાઈલ નંબર/ફોન નંબર સહિત આ કચેરીને દિન-૧૫માં મોકલવા આ જાહેર નોટીસથી ગાંધીનગર જિલ્લાની તમામ હાઉસીંગ મંડળીઓને જાણ કરવામાં આવે છે.

**લોકાર્પણ...** ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરાયેલા મકાનો અન્વયે પ્રતિક્ષા યાદીમાં સામેલ અરજદારો માટે ડ્રો પણ કરવામાં આવ્યો હતો. કોમ્પ્યુટરાઈઝ ડ્રોના અંતે ૬૯ અરજદારોને મકાનો ફાળવવામાં આવ્યા હતા. આ તબક્કે આરાગ્ય મંત્રી નિતિન પટેલે જણાંવ્યું હતું કે સરકાર ગાંધીનગરને આગવી ઓળખ આપવા માટે કટિબધ્ધ છે. પી એમ ના સ્વચ્છ ભારતના સ્વપ્રને સાકાર કરવા તેમણે સાથે મળીને કામ કરવા પણ અનુરાધ કર્યો હતો.શહેરમાં આવનારા મુલાકાતીઓને ખ્યાલ નથી આવતો કે આ વિસ્તાર કોનો છે. ત્યારે આપણે સાથે મળીને ગંદકી ઉલેચવાનું કામ કરવું જાઈએ.નગરને સ્વચ્છ સુંદર અને સુવિધાયુકત બનાવવા માટે ગુડા માર્ગ મકાન વિભાગ તેમજ કોર્પોરેશને સાથે મળી કામ કરવું પડશે.શહેરના વિકાસના નવતર અભિગમના લીધે નગરમાં જમીનના ભાવ પણ આસમાને પહોચ્યા છે.તેમણે ભુગર્ભ ગટર યોજનાની કામગીરીને ધ્યાને લઈ ગુડાના ચેરમેનને પઁણ અભિનંદન પાઠવ્યા હતા. આ તબક્કે ગુડાના ચેરમેન આશિષ દવેએ જણાંવ્યુ હતું કે મુખ્યમંત્રીના સહયોગથી ગુડા વિસ્તારમાં તબક્કાવાર વિકાસના વિવિધ કામો હાથ ધરવામાં આવી રહયા છે. ડ્રેનેજ પ્રોજેકટના લીધે આ વિસ્તારમાં સ્વચ્છતા પણ જળવાશે. તેવી આશા પણ તેમણે વ્યકત કરી હતી. આ ઉપરાંત ગુડા વિસ્તારમાં પીવાના શુધ્ધ પાણી તેમજ પોષણક્ષમ ભાવે નવા આવાસો પણ ઉપલ્બધ થાય તેવી વ્યવસ્થા ગોઠવવાનું પણ આયોજન હાથ ધરવામાં આવશે તેમ પણ જણાંવ્યુ હતું. આ કાર્યક્રમમાં જીલ્લા પંચાયતના પ્રમુખ હીનાબેન પટેલ મેયર હંસાબેન મોદી જીલ્લા ભાજપના પ્રમુખ નૈલેષ શાહ ધારાસભ્ય અશોક પટેલ સહિત અન્ય આગેવાનો હાજર રહયા હતા.

## તૈયારીઓ આરંભાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સહિતના માધ્યમો થકી લાભ લેવાનો રહશે. વધુમાં બાયસેગ દ્વારા તા. ૭મી જુનથી રોજ સવારે ૭ કલાકે અન્ય તબક્કે આયુષ આધારિત યોગ નિદર્શન પ્રસારિત કરાશે. યોગ નિદર્શનના કાર્યક્રમમાં જાહેર જનતા વિશાળ પ્રમાણમાં જોડાય તે માટે જે તે વિસ્તારની સ્થાનિક લોકભાગીદારીની સ્વૈચ્છિક, સાંસ્કૃતિક, તાલીમલક્ષી સંસ્થાઓ, શાળા અને કોલેજોને નિમંત્રિત કરી યોગ દિવસને સફળ બનાવવા સંયુક્ત પ્રયાસો કરાશે. યોગ અભ્યાસ અને તાલીમ માટે જિલ્લા તથા તાલુકા સ્તરે સમિતિ દ્વારા જાહેર સ્થળો જેવા કે જાહેર ઉદ્યોનો, બગીચાઓ, ખુલ્લા મેદાનો, શાળા અને કોલેજોના કમ્પાઉન્ડ જેવા ખુલ્લા સ્થાન અલગ તારવીને જે તે સંસ્થાને યોગ નિદર્શન માટે ફાળવી આપવાના રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, યોગ નિદર્શન ભાગ લેતા નાગરિકો માટે ડ્રેસ કોડ તરીકે સફેદ વસ્ત્રો સામાન્યત : રહે તેવો રાજય સરકાર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. તેમ રમત ગમત યુવા સાંસ્કૃત્તિ પ્રવૃત્તિઓ વિભાગની યાદીમાં જણાવાયુ છે.